## વિષય:- ગણિત  ધોરણ:-6  સત્ર-2

### પાઠ –11 બીજગણિત  25 marks

**વિદ્યાર્થીનું નામ:-.....................................................................................................**

**1. યોગ્ય વિકલ્પ પસંદ કરો.** 8 marks

**(1)** એક દીવાસળીની પેટીમાં 50 દીવાસળી સમાય. તો તે દીવાસળીની પેટીમાં કેટલી દીવાસળી સમાઈ શકે ?

(A) 50 + n  (B) 50n  (C) 50 ÷n  (D) 50-n

**(2)** અમૂલ્યાની હાલની ઉંમર ४ વર્ષ છે. તો 5 વર્ષ પહેલાની ઉંમર.....

(A) (5 – x) વર્ષ  (B) (5 + 1) વર્ષ  (C) (x – 5) વર્ષ (D) (5 ÷ x) વર્ષ

**(3)** ચલ એટલે..........

(A) જુદી જુદી કિંમત ધારણ કરી શકે તે  (B) કિંમત નક્કી હોય તે

(C) ફક્ત બે જ કિંમત ધારણ કરે તે(D) ફક્ત ત્રણ જ કિંમત ધારણ કરે તે

**(4)** 10–x એટલે

(A) 10 ને 4 વખત બાદ કરવા.  (B) x ને દસ વખત બાદ કરવા.

(C) 10 માંથી x બાદ કરવા.  (D) x માંથી 10 બાદ કરવા.

**2. ખાલી જગ્યા પૂરો.** 4 marks

**(1)** w અઠવાડિયામાં દિવસોની સંખ્યા ........... થાય.

**(2)** x મીટર = ................. સેમી

**(3)** જો હું 100 રૂ. માંથી Fરૂ. ખર્ચ કરું છું તો મારી પાસે રૂ. .................... રૂ. બાકી રહે.

**(4)** જો રમણદીપની હાલની ઉંમર n વર્ષ છે. તો તેની 7 વર્ષ પછીની ઉંમર ........... થાય.

**(3) એક બોક્સમાં 20 પેંડા મુકેલ છે. તો પેંડાની કુલ સંખ્યા અને બોક્સની સંખ્યા કેવી રીતે લખશો? (બોક્સની સંખ્યા માટે b વાપરો )** 2 marks

**4. સ્કાઉટના તાલીમાર્થીઓ પરેડમાં કુચ કરે છે દરેક હારમાં 3 તાલીમાર્થીઓ છે. આપેલ તાલીમાર્થીઓની સંખ્યા અને હાર માટે કયો નિયમ થશે? ( હારની સંખ્યા માટે n વાપરો )** 2 marks

5. એક પક્ષી એક મિનિટમાં 2 કિલોમીટર ઉડે છે જો તે અમુક મિનિટ ઉડે તો કેટલું  અંતર આવરી શકશે તે તમે કહી શકશો? (  ઉડવાના સમય માટે t નો ઉપયોગ કરો )                    3  marks

6. મોટા ટોપલામાં ઘણા બધા કેળા હતા તેમાંથી કેટલાક કેળા બાળકોને આપ્યા પછી 3  કેળા બાળકોને આપ્યા પછી 3 કેળા બાકી રહ્યા જો વહેંચેલ કેળાની સંખ્યા b હોય તો ટોપલામાં કુલ કેટલા કેળા હશે? 3 marks

7. મહેશ એ સુરેશ નો નાનો ભાઈ છે મહેશ ચાર વર્ષના નો છે મહેશ ની ઉંમરના આધારે સુરેશ ની ઉંમર તમે લખી શકશો? (મહેશ ની ઉંમર y વર્ષ છે )  3  marks